ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૪૦.૪ ડીગ્રી
લઘુતમ : ૨૧.૫ ડીગ્રી
ભેજ
સવારે ૫૭ ટકા ● સાંજે ૨૮ ટકા




રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ ગાંધીનગર દ્વારા આજરોજ સે. ૨-બી ગણેશ ચોક, સાંજે ૫. થી ૬ કલાકે મહુડી હોલની બાજુમાં વર્ષ પ્રતિપદા ઉત્સવનું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં મોટી સંખ્યામાં આરએસએસના કાર્યકર્તાઓ હાજર રહ્યા હતા.

# શહેરમાં તૈનાત ટ્રાફિક સિગ્નલની કાર્યપધ્ધતિથી વાહનચાલકો મુંઝવણમાં

## અમુક સ્થળોએ ટ્રાફિક સિગ્નલ આખો દિવસ બંધ રહે છે તો કોઈક વખત અધવચ્ચે અચાનક ચાલુ થઈ જાય છે : ટ્રાફિક સિગ્નલની જરૂરિયાત મુદ્દે પણ પ્રશ્નાર્થ ઉભા થયા છે : વાહનચાલકોમાં ભારે અવઢવ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગર શહેરમાં વાહનોની સંખ્યામાં થયેલા વધારાને ધ્યાને લઈ તંત્ર એ મુખ્યમાર્ગ ઉપરના સર્કલે ટ્રાફિક સિગ્નલ તૈનાત કર્યા




છે. જો કે આ ટ્રાફિક સિગ્નલની અનિયમિતતાથી વાહનચાલકો અવઢવ અનુભવી રહ્યા છે. શહેરના કેટલાક સ્થળોએ કોઈ પણ સુચન વગર ટ્રાફિક સિગ્નલ આખો દિવસ બંધ રહે છે તો કોઈકવાર અચાનક ચાલુ થઈ જતા વાહનચાલકો અધવચ્ચે પહોંચી ઉભા થઈ જતા હોય છે જેથી અકસ્માત થવાની શકયતાઓ વધી ગઈ છે. વાહનચાલકોમાં તંત્રની આ કામગીરીમાં ટેકનીકલ ક્ષતિ જણાય છે જે સત્વરે દૂર કરી યોગ્ય વાહન નિયમન થાય તે રીતનું આયોજન અમલી બનાવવા માંગ ઉઠી છે.

શહેરના મુખ્ય ઘ અને ચ રોડ ઉપર તંત્રએ દરેક સર્કલે ટ્રાફિક સિગ્નલ મુકી વાહન નિયમન અમલ કર્યું છે. પરંતુ આ સિગ્નલમાં ટેકનીકલ ક્ષતિના કારણે કોઈકવાર બંધ જ રહે છે તો કોઈકવાર અચાનક ચાલુ થઈ જાય છે. પથિકાશ્રમ નજીકના ઘ-૩ અને ચ-૩ સર્કલે ટ્રાફિક સિગ્નલ અનિવાર્ય છે જે કારણે એસટી ડેપો, સીટીબસ તેમજ સિવિલ હોસ્પિટલ થકી ખુબ જ વાહનોની અવરજવર રહે છે. છતાં પણ ટ્રાફિક સિગ્નલની ક્ષતિ અવારનવાર અહીં થતી રહે છે જે કારણે ટ્રાફિક જામની સમસ્યા પણ સર્જાય છે.

જો કે ગાંધીનગરના માર્ગો પહોળા અને દબાણમુકત હોવાથી વાહનોની અવરજવરમાં ખુબ જ સરળતા રહે છે અને અકસ્માતો પણ ખુબ જ નહીવત થતા હોય છે છતાં પણ શહેરના કેટલાક સર્કલે ટ્રાફિક સિગ્નલની જરૂરિયાત મુદ્દે પ્રશ્નાર્થ ઉભા થયા છે. કારણ કે બે થી ત્રણ વાહનો પસાર થવાના હોવા છતાં ટ્રાફિક સિગ્નલના નિયમો મુજબ ઉભું રહેવું પડે છે જેથી સમય અને ઈંધણનો વ્યય થઈ રહ્યો છે. શહેરના સચિવાલય, વિધાનસભા, સે-૨૧ માર્કેટ, ઘ-૩, ઈન્દ્રોડા સર્કલ, ઈન્ફોસીટી સર્કલ વહેરે વાહનોથી ધમધમતા વિસ્તારમાં દિવસ દરમિયાન ટ્રાફિક સિગ્નલ નિરંતર કાર્યરત રહે તેવું તંત્રએ કરવું જોઈએ. તેમજ ટ્રાફિક સિગ્નલો અંગેની જરુરી સુચનાઓ શહેરના દરેક નાગરિક સુધી પહોંચે તેવું આયોજન હાથ ધરવું જોઈએ જેથી વાહન ચાલકોમાં જાગૃતિ સાથે ટ્રાફિક નિયમન અંગે સાવચેતી બની રહે તેવી માંગ શહેરના વાહનચાલકો કરી રહ્યા છે.

# ગાંધીનગર એસ ટી ડેપોમાં નવા ૧૦ સી સી કેમેરા લગાવાશે

## ડેપો સંકુલમાં પોલીસ ચોકીના અભાવ વચ્ચે સલામતીનો મુદ્દો રામભરોસે : હાલ ૬ ઠેકાણે કેમેરા છે : બસ સ્ટેશનમાં પણ વિવિધ ઠેકાણે કેમેરા મુકાશે

ગાંધીનગર તા ૬

ગાંધીનગર એસ ટી ડેપોમાં સી સી ટી વી કેમેરા મુકવા માટે આયોજન કરાયુ છે. હાલ એસ ટી ડેપોમાં માત્ર ૬ કેમેરા મુકાયા છે. જયારે નવા ૧૦ સી સી કેમરા મુકવા માટે પણ આયોજન કરવામાં આવ્યુ છે એસ ટી ડેપો સંકુલમાં સલામતીનો મુદ્દો રામભરોસે છે. ત્યારે સી સી કેમેરાની વોચ મુસાફરોની સલામતી માટે વધુ મહત્વની પુરવાર થશે.

શહેરના એસ ટી ડેપોમાં સલામતીના નામે મીંડુ ચિતરાયેલુ છે. બસ સ્ટેશનમાં આવતા મુસાફરોના વારંવાર ખિસ્સા કપાય છે. ગઠીયાઓ ગમે ત્યારે હાથફેરો કરી જાય છે. આમછતા એસ ટી ડેપોમાં પોલીસ ચોકી કાર્યરત કરવામાં આવતી નથી. પોલીસ ચોકી માટે ડેપો દ્વારા જગ્યા પણ નિયત કરીને ફાળવી દેવામાં આવી હોવા છતા પોલીસ તંત્ર પોલીસ ચોકી કાર્યરત કરવામાં નિરસતા દાખવી રહ્યુ છે. ગાંધીનગરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત એસ.ટી. ડેપોમાં તસ્કરો બિન્દાસ્ત બન્યા છે. જયારે મહીલાઓ અને સિનિયર સિટીઝન્સમાં પણ ભય પ્રર્વત્યો છે. પરંતુ સલામતીનો મુદ્દે હજુ સુધી કાંઈ પણ થઈ શક્યુ નથી. ગાંધીનગર એસ.ટી. ડેપોને બનતા વિદ્યાર્થીઓ પણ મોટી સંખ્યામાં અપડાઉન કરે છે. આવા સંજોગોમાં એસ ટી ડેપોમાં સી સી ટી વી કેમેરાની વોચને અપગ્રેડ કરવાનુ અનિવાર્ય છે. એસ.ટી.



મોડેલ ડેપો બનાવાની યોજના પણ વિસરાઈ છે. જયારે એસ ટી ડેપોમાં સી સી ટી વી કેમેરા પણ પુરતા નથી. હાલની સ્થિતએ ડેપો સંકુલમાં માત્ર ૬ સી સી કેમેરા છે. જયારે વધુ નવા ૧૦ કેમેરા લગાવવા માટે પણ ટુંકમાં કામગીરી હાથ ધરાશે. ગાંધીનગર એસ.ટી. ડેપોમાં રાજયના જુદા જુદા શહેરમાંથી મુસાફરો આવે છે. પાટનગર હોવાના નાતે વિવિધ શહેરમાંથી આવતા મુસાફરો તેમજ કર્મચારીઓની સંખ્યા પણ વિશેષ છે.આ ઉપરાંત એજ્યુકેશન હબ ડેપોમાં રોજબરોજ બહારગામથી આવતા મુલાકાતીઓની સંખ્યા વિશેષ હોય છે. ત્યારે શહેરના હાર્દસમા વિસ્તારમાં સ્થિત ડેપો સંકુલમાં ચોરી તેમજ અન્ય તસ્કરી રોકવા માટે અનેકવાર રજુઆત થઈ છે. આવા સંજોગોમાં સી સી કેમેરા લગાવવા પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે. ડેપોમાં બસ સ્ટેશન વિસ્તારને કેમેરાની વોચ હેઠળ આવરી લેવા માટે તબક્કાવાર કામગીરી હાથ ધરવામાં આવશે. વધુ ૧૦ સી સી કેમેરા મુકવા માટે કામગીરી હાથ ધરાશે.

# ચિલોડા પાસે કન્ટેનરમાં ફેવીકોલની આડમાં ૩૦ લાખના વિદેશી દારુ સાથે એક શખ્સ ઝડપાયો

ગાંધીનગર, તા. ૬

ચિલોડા પોલીસે કન્ટેનરમાં ફેવીકોલની આડમાં વિદેશી દારુની હેરાફેરી ઝડપી પાડી છે. પોલીસે ગતરોજ સાંજના સુમારે પુરોહિત હોટલ પાસે કન્ટેરને અટકાવી તપાસ કરતા અંદરથી વિદેશી દારુની પેટી નંગ -૬૨૫ કુલ બોટલ નં. ૭૫૦૦ તેમજ કન્ટેનર રૂ.૧૦ લાખ એક મોબાઈલ અને ફેવીકોલના ડ્રમ સહિત કુલ રૂ. ૪૦,૨૬,૦૦૦ ના મુદ્દામાલ સાથે ડ્રાઈવરની અટકાયત કરી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

પોલીસ પાસેથી મળતી વિગત મુજબ લોકસભાની ચુંટણીને ધ્યાને લઈ જિલ્લા પોલીસ વડા દ્વારા સઘન વાહન ચેંકીગના આદેશને પગલે ચિલોડા પોલીસ સ્ટેશનના પીઆઈ વાય.આર.વાઘેલા, પીએસઆઈ આ.ડી.દામા, વી.એમ.દેસાઈ, તેમજ એએસઆઈ વિરેન્દ્રસિંહ, હેકો. જયેન્દ્રભાઈ , પોકો. વિરેન્દ્રસિંહ, જયેશભાઈ, મનોજકુમાર, અને કરમણ સહિત ટીમના જવાનો ગતરોજ સાંજના સુમારે ચિલોડા ચાર રસ્તા પર ગાંધીનગર તરફના વળાંક પાસે વાહન ચેકીંગ કરી રહ્યા હતા. તે સમયે અમદાવદા તરફથી આવી રહેલા કન્ટેનરને ઉભા રહેવા માટે ઈશારો કર્યો હતો. પરંતુ તેના ચાલકે કન્ટેનર ઉભુ રાખ્યું ન હતું. જેથી પોલીસને શંકા જતા પીછો કરી હોટલ પુરોહિત પાસે આડશ કરી ઝડપી પાડ્યું હતું. પોલીસે કન્ટેનરમાં ચેક કરતા ફેવીકોલના ડ્રમની આડમાં વિદેશી દારુની કુલ ૬૨૫ પેટીમાં બોટલ નંગ- ૭૫૦૦ કિ. રૂ.૩૦,૦૦,૦૦૦ તથા કન્ટેનર નં એમ.એચ.૪૬.એ.એફ.- ૮૮૩૩ કિ. રૂ.૧૦,૦૦,૦૦૦ એક મોબાઈલ રૂ.૧૦૦૦ તથા ફેવીકોલના ડ્રમ નંગ.૫૦ કિ.રૂ.૨૫૦૦૦ મળી કુલ રૂ. ૪૦,૨૬,૦૦૦ના મુદ્દામાલ સાથે આરોપી રૈદાસ ગંગાચરણ ગૌતમ ઉં.વ.-૩૯ રહે.ખૈરાબાદ, તા.અત્રોલી, જી.અલીગઢ ઉત્તરપ્રદેશને ઝડપી પાડ્યો છે અને આગળની વધુ તપાસ પીએસઆઈ આર.ડી.દામા ચલાવી રહ્યા છે.






મહારાષ્ટ્ર સમાજ સેકટર-૨૧, ગાંધીનગર ખાતે આજ હિન્દુ નૂતન વર્ષ નિમિત્તે ગુડી પડવાની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં સમાજના સર્વે મરાઠી બંધુઓએ કાર્યક્રમમાં હાજર રહી હર્ષોલ્લાસથી ઉજવણી કરી નવા વર્ષનું સ્વગત કર્યું હતું.

# નોટબંધી બાદ ચલણમાં આવેલ ૨ હજારની નકલી નોટો પણ બજારમાં ફરતી થઈ

ગાંધીનગર, તા.૬

ગાંધીનગરની અલગ અલગ બેંકો દ્વારા પોતાની બેંકમાં ખાતેદારો મારફતે જમા થઈ ગયેલી અલગ અલગ દરની નકલી ચલણી નોટો સંદર્ભે પોલીસ ફરીયાદ નોંધાઈ છે. ચોંકાવનારી બાબત એ છે કે નોટબંધી બાદ નવી ચલણમાં આવેલી રૂ.૨ હજારની નોટ પણ બેંકમાં જમા થવા પામી છે. એટલે કે નવી રૂ.૨ હજારની નોટ પણ બજારમાં નકલી ફરવા લાગી છે. કોટક મહિન્દ્રા બેંકમાં રૂ. ૨ હજારની આવી બે નકલી નોટ જમા થઈ ગઈ છે. તે ઉપરાંત રૂ.૫૦ ના દરની એક અને રૂ. ૧૦૦ ના દરની ૮ નકલી નોટ આ બેંકમાં જમા થઈ જવા પામી છે. તે ઉપરાંત આઈડીએફસી બેંક માં રૂ. ૧૦૦ ના દરની બે નકલી નોટ જમા થઈ ગઈ છે. જયારે યુનિયન બેંકમાં રૂ.૫૦૦ ના દરની એક અને રૂ.૧૦૦૦ના દરની એક નકલી નોટ જવા થઈ છે. જયારે એસબીઆઈમાં રૂ.૫૦૦ ના દરની ૧૩ અને રૂ.૧૦૦૦ના દરની ૩ નકલી નોટ જમા થઈ જવા પામી છે. વર્ષ ૨૦૧૭થી વર્ષ ૨૦૧૯ સુધીમાં અલગ અલગ દિવસોમાં ઉપરોકત અલગ અલગ બેંકોમાં વિવિધ ખાતેદારો દ્વારા નકલી નોટ જમા થવા પામી છે. નવાઈની વાત તો એ છે કે જે બેંક દ્વારા નકલી નોટો ને ઓળખવા માટેની ગાઈડ લાઈન્સ ગ્રાહકોને આપવામાં આવે છે. એ જ બેંકના કર્મચારીઓ આ પ્રકારની નકલી નોટો કઈ રીતે સ્વીકારી લે છે? આ બેંક કર્મચારીઓની બેદરકારી ગણવી કે નકલી નોટ બનાવનાર તત્વોની કારીગરી તે એક મોટો સવાલ છે. હાલ ઉપરોકત બેંક દ્વારા સ્થાનિક પોલીસ મથકે ફરીયાદ અપાતા પોલીસે ગુનો દાખલ કરી વધુ તપાસ હાથ ધરી છે.

# વેપારી મિત્ર મંડળ સે-૬ દ્વારા ચેટીચાંદની ઉજવણી કરાઈ



સેકટર-૬, ગાંધીનગર ખાતે આવેલ શાક માર્કેટમાં સિંધી વેપારી મિત્રો દ્વારા આજરોજ સિંધી સમાજના નવા વર્ષ નિમિત્તે ચેટીચાંદની ઉજવણી કરવામાં આવી હતી જેમાં આજુબાજુના રહેવાસીઓએ પણ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ પ્રસંગે શાકમાર્કેટના પ્રમુખ રાઠોડ નરેન્દ્રસિંહ, લાકીભાઈ સિંધી, હરેશભાઈ, રમેશભાઈ, ગુરુમુખભાઈ, રસિકભાઈ, સંજયભાઈ, ભોજુમાલભાઈ, મહેશભાઈ, હિલ્લેલભાઈ, સત્યમભાઈ સોની, યુસુફભાઈ, રવિભાઈ, લાલભાઈ દરજી, કિશનભાઈ, જીતુભાઈ, ગલાભાઈ, ઈકબાલભાઈ, પ્રીતમભાઈ, ઉસ્માનભાઈ, ઐયુબભાઈ, કમલેશભાઈ તથા ઠાકોર ધર્મેશભાઈ-પ્રમુખ ઠાકોર સમાજ એજયુકેશન ટ્રસ્ટ વગેરે વેપારી મિત્રોએ હાજરી આપી હતી.



ચૈત્રી નવરાત્રીના પ્રારંભ સાથે શકિતની આરાધનાનો માહોલ જોવા મળી રહ્યો છે. ભાવિકોનું ઘોડાપુર મંદિરોમાં ઉમટયું છે. નાના અંબાજી તરીકે ઓળખાતા ગીયોડના અંબાજી મંદિર ખાતે ચૈત્રી નવરાત્રીના પ્રથમ દિવસે ખૂબ ભીડ જોવા મળી હતી.

# આજે વર્લ્ડ હેલ્થ ડે નિમિત્તે કાનુની શિબિર યોજાશે

ગાંધીનગર, તા.૬

જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ દ્વારા વર્લ્ડ હેલ્થ ડે નિમિત્તે તા. ૭-૪-૨૦૧૯ના રોજ સે-૩ સ્થિત વગડાવાળી માતાજીના મંદિર પાસે સવારે ૧૦ થી ૧૨.૩૦ કલાક દરમિયાન આરોગ્ય તથા કાનુની શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં જિલ્લા કાનુની સેવા સત્તા મંડળના પેરાલીગલ વોલિન્ટયર્સ જયરામભાઈ સોની અને દિનેશભાઈ દવે દ્વારા જરુરી માર્ગદર્શન આપવામાં આવશે.

# ચૈત્રી નવરાત્રી નિમિતે બજરંગ દળ દ્વારા રામધુન-હનુમાન ચાલીસાનો કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૬

ચૈત્રી નવરાત્રીના પાવન દિવસે શનિવારના રોજ સવારે ૮ વાગ્યાના અરસામાં ગાંધીનગર જિલ્લા બજરંગ દળ અને વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા પેથાપુર ખાતે આવેલી રામાપીર મંદિર અને સે-૧૭ હનુમાનજી મંદિર સહિત છત્રાલ મંદિર ખાતે હનુમાન ચાલીસા અને અખંડ રામધુન કરવામાં આવી હતી. અયોધ્યામાં રામ મંદિર નિર્માણ કાર્ય ઝડપી શરુ થાય તે માટે કાર્યકરો દ્વારા પ્રાર્થના કરવામાં આવી હતી. આ પ્રસંગે બજરંગ દળના જિલ્લા સંયોજક શકિતસિંહ ઝાલા સહિત કાર્યકરો મોટીસંખ્યામાં હાજર રહ્યા હતા.

# વાવોલ ખાતે સ્પોર્ટસ એકેડેમીમાં બાળકોને નિઃશુલ્ક તાલીમ અપાશે

ગાંધીનગર, તા.૬

બાળકોના સર્વાંગી વિકાસ માટે વાવોલ ખાતે મહેશ્વરી સ્પોર્ટસ એકેડેમીનો શુભારંભ કરવામાં આવ્યો છે. જેમાં ૬ થી ૧૨ વર્ષના બાળકોને એકસપર્ટ ઈન્ટરનેશનલ કોચ દ્વારા વિના મુલ્યે તાલીમ આપવામાં આવશે. રસ ધરાવનારે એપ્રિલ માસના દર રવિવારે સાંજે ૫.૩૦ કલાકથી એમ.બી. પટેલ ફાર્મ વાવોલ-કોલવડા રોડ, વાવોલ-ગાંધીનગર ખાતે હાજર રહેવા જણાવાયું છે. રજીસ્ટ્રેશન માટે શશિમોહન ધુમાલ૯૪૨૭૦૧૦૫૭૩અને સંજય ક્રિશ્ચિયન ૯૪૨૬૬૦૦૮૮૦નો સંપર્ક કરવા જણાવાયું છે.

# કોલવડા મિત્ર મંડળ દ્વારા ૧૨મીએ પગપાળા સંઘ અંબાજી પ્રસ્થાન કરશે

ગાંધીનગર, તા.૬

જય અંબે યુવક મિત્ર મંડળ કોલવડા ગાંધીનગર દ્વારા દર વર્ષે યોજાતા પરંપરાગત અંબાજી પગપાળા સંઘનું ૩૩મા વર્ષમાં પણ આયોજન કરવામાં આવેલ છે. ૧૧મી એપ્રિલના સવારે ૯ કલાકે વિધિવત પુજા અર્ચના કરી બળવંતસિંહજી ભવાનસિંહજી વાઘેલાના નિવાસસ્થાનેથી પ્રસ્થાન કરશે. કાકાનો માઢ અંબાજીના મંદિર અને રાંણજીબાપાનો માઢ-સધીમાતાના મંદિરે ધજા ચઢાવી ધામધુમથી ગરબા, ભજન કીર્તન સાથે શોભાયાત્રા સ્વરૂપે માતાજીનો રથ નિશાન સાથે મા વાઘેશ્વરી માતાના ધામમાં પહોંચવા પગપાળા પ્રસ્થાન કરશે. તથા ૧૨મી એપ્રિલે સવારે ૪ કલાકે વાઘેલા કચરાસિંહ દેવુસિંહના નિવાસસ્થાનેથી કોલવડા ગામના ભાઈ ભકતો સાથે પગપળા યાત્રા સંઘ અંબાજી જવા પ્રસ્થાન કરશે.

## ચિરવિદાય

- સ્વ. સોલંકી પુનમભાઈ ચીમનભાઈ, ઉ.વ. ૫૩
- સ્વ. વણઝારા શાંતાબેન રાણાજી, ઉ.વ. ૭૦
- સ્વ. અતુલ્ય નવલકિશોર રાઠોર, ઉ.વ. ૫૩
- સ્વ. કપીલાબેન મંગળદાસ નાયી, ઉ.વ. ૬૨